સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૩૦-૧૨-૮૯ ના રોજ શરુ થઈને છેવટે તા.૧૧-૧-૯૦ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

...

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૨-૧૨-૮૯ ના પત્ર ન.સીપીસી/૮/૪૦ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિના ઠરાવ ન.૨૦ તા.૧૪-૧૦-૮૮ થી નગર રચના યોજના સુરત ન.૧૪(રાંદેર-અડાજણ) ને તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલો. જેના સંદર્ભમાં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ તથા તેના નિયમો-૧૯૭૯ ની જોગવાઈ મુજબ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિતસંબંધ ધરાવનારાઓ તરફથી વાંધા/સૂચનો માંગવામાં આવેલા અને સદર બાબતે ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ જરુરી કાર્યવાહી કરી આવેલ વાંધાઓને ધ્યાનમાં લઈ મૂળ દરખાસ્તમાં જરુરી સુધારા-વધારા કરી કમિશનરશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ મુસદ્દારુપ નગર રચના યોજના ન.૧૪(રાંદેર-અડાજણ)માં નીચે જણાવેલ સુધારાઓ સાથે ઉકત કાયદાની કલમ ૪૮(૧) મુજબ સમયમર્યાદામાં સરકારશ્રીની મંજુરી મેળવવા માટે સાદર કરવા મ્યુ.કમિશનરશ્રીને જરુરી કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) નકશામાં દર્શાવ્યા મુજબના ઓરીજીનલ પ્લોટ ન.૮૫-એ, ૨૭, ૨૬-બી, ૩૧, ૬-બી, ૫-એ, ૫-બી, ૬૮, ૫૩ અને ૭૫-ઈ માં આવેલ સોસાયટીઓ પૈકી જે સોસાયટીઓના મંજુર થયેલ હોય તેના જ કોમન પ્લોટવાળી જગ્યા રીઝર્વેશનમાંથી રદ કરી ફાઈનલ પ્લોટનું ક્ષેત્રફળ વધારવું.

(૨) ઓરીજીનલ પ્લોટ ન.૭૮ માંથી કપાત કરી મુકવામાં આવેલ રીઝર્વેશન હટાવી ગોલપાડ રસ્તાને લાગુ મુકવું.

(૩) ઓરીજીનલ પ્લોટ ન.૩૬ ની પશ્ચિમે શરુ થતો હયાત નાળ રસ્તો ઓરીજીનલ પ્લોટ ન.૯૨ સુધી ચાલુ રાખવો તથા તેની પહોળાઈ ૨૦' રાખવી.

(૪) ઓરીજીનલ પ્લોટ ન.૭૦ ની પશ્ચિમેથી શરુ થતો અને ઓરીજીનલ પ્લોટ ન.૮૩ ની પશ્ચિમ સુધી સૂચવેલ ૫૦' નો રસ્તો ૩૦' નો રાખવો.

ઠરાવ ન.૫૨ સર્વાનુમતે મંજુર

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૧-૧-૯૦.